ડ્રગ્સની દાણચોરી નાથવા સરકાર એન્ટી-ડ્રોન સિસ્ટમ ગોઠવશે

બીકાનેર, તા. ૨૬(પીટીઆઇ): કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે જણાવ્યું હતું કે, ડ્રોન દ્વારા થતી માદક પદાર્થો અને હથિયારોની દાણચોરી રોકવા માટે વધારાની તકેદારીના ભાગરૂપે સરકાર આગામી છ મહિનામાં એન્ટી-ડ્રોન સિસ્ટમ સ્થાપિત કરવાની પ્રક્રિયામાં છે.

જો કે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ડ્રોન ભારતીય સરહદમાં ઉતરે છે, તેથી આવી ખેપ મેળવનારાઓની ઓળખ કરવા અને આ જોખમોને અસરકારક રીતે નિષ્ક્રિય કરવા માટે સ્થાનિક પોલીસ અને નાગરિક વહીવટીતંત્ર સાથે ગાઢ સંકલન અનિવાર્ય છે. તેમણે ઉમેર્યું હતું કે, વ્યાપક સરહદ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF), સશસ્ત્ર દળો, સ્થાનિક વહીવટીતંત્ર અને નાગરિકોને સામેલ કરતી બહુસ્તરીય ફોર-પોઇન્ટ સિક્યોરિટી ગ્રીડ આવશ્યક છે.

રન વે પર ધુમાડો નીકળતા ઇન્ડિગો ફ્લાઇટ ખાલી કરાવાઇ

બેંગલુરુ, તા. 26 : આજે બેંગલુરુથી ચેન્નાઈ જતી ઇન્ડિગોની ફ્લાઇટ રનવે તરફ જતી હતી ત્યારે તેમાં ધુમાડો નીકળ્યો હોવાનું જણાયું હતું, જેના કારણે તેને ખાલી કરાવવામાં આવી હતી. આ ઘટના ફ્લાઇટ 6E 6017 સાથે સંકળાયેલી હતી અને તાત્કાલિક વિમાન ખાલી કરાવવામાં આવ્યું હતું. એક નિવેદનમાં, ઇન્ડિગોના પ્રવક્તાએ જણાવ્યું હતું કે બધા મુસાફરો અને ક્રૂ સભ્યો સુરક્ષિત છે અને તેમને ટર્મિનલ પર પાછા ખસેડવામાં આવ્યા છે. ઇન્ડિગોના પ્રવક્તાએ જણાવ્યું કે ૨૬ મે ૨૦૨૬ ના રોજ, જ્યારે ઇન્ડિગોની ફ્લાઇટ ૬ઈ ૬૦૧૭ બેંગલુરુથી ચેન્નાઈ જઈ રહી હતી, ત્યારે વિમાનમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો. સલામતીના હિતમાં, તાત્કાલિક સ્થળાંતર કરવામાં આવ્યું અને તમામ સંબંધિત અધિકારીઓને જાણ કરવામાં આવી.

MPમાં કૂવો ખોદતા માટી ધસી પડવાથી પાંચ શ્રમિકનાં મોત

પન્ના (એમપી), તા. ૨૬ (પીટીઆઇ) મધ્ય પ્રદેશના પન્ના જિલ્લામાં મંગળવારે કૂવો ખોદતી વખતે માટી ધસી પડતાં પાંચ શ્રમિકોનાં મોત થયાં છે, જેમાંથી ચાર એક જ પરિવારના હતા. એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. આ ઘટના અજયગઢ વિકાસ બ્લોકના નયાપુરવા ગામમાં બપોરે ૧૨ વાગ્યાની આસપાસ બની હતી. મુખ્યમંત્રી મોહન યાદવે આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું અને મૃતકના પરિવારોને પ્રત્યેકને રૂપિયા 4-4 લાખની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી હતી. પન્ના જિલ્લા પોલીસ અધિક્ષક (એસપી) નિવેદિતા નાયડુએ જણાવ્યું હતું કે, શ્રમિકો જાહેર સિંચાઈના કૂવાનું ખોદકામ કરી રહ્યા હતા, ત્યારે અચાનક માટી ધસી પડી હતી અને તેઓ કાટમાળ નીચે દટાઈ ગયા હતા, જેના કારણે તેમનાં મોત નીપજ્યાં હતાં.

યુએસ સુપરમાર્કેટમાં ગુજરાતી મહિલાની ગોળી મારીને હત્યા

વર્જિનિયા, તા. ૨૬: અમેરિકામાં એક સુપરમાર્કેટમાં લૂંટના શંકાસ્પદ પ્રયાસ દરમિયાન ગુજરાતની એક ભારતીય મહિલાની ગોળી મારીને હત્યા કરવામાં આવી હોવાની પીડિતાના પરિવારે પુષ્ટિ કરી છે. છેલ્લાં ૧૦ વર્ષથી વર્જિનિયાની તે સુપરમાર્કેટમાં કામ કરતી આ મહિલાની ઓળખ 45 વર્ષીય મેઘનાબેન પટેલ તરીકે થઈ છે. મેઘનાબેન મહેસાણાના વિસાપુર જિલ્લાના જંત્રાલ ગામના વતની છે. પીડિતાના પિતા કરસનભાઈ પટેલ અને માતા કપિલાબેન જંત્રાલમાં રહે છે. આ ઘટનાની માહિતી મળતાં જ સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી, સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો અને તપાસ શરૂ કરી હતી. આ ઉપરાંત હુમલાખોરને પકડવા માટે ખાસ ટીમો પણ તૈનાત કરવામાં આવી છે.

પેજ 3

કાંતારા વિવાદમાં હાઇકોર્ટના આદેશને પગલે રણવીર સિંહે મૈસૂરના ચામુંડેશ્વરી મંદિરે દર્શન કર્યાં

મૈસૂર (કર્ણાટક), તા. 26 (PTI) બોલિવૂડ અભિનેતા રણવીર સિંહે મંગળવારે અહીં ચામુંડેશ્વરી મંદિરની મુલાકાત લીધી હતી અને પૂજા-અર્ચના કરી હતી. કારણ કે, કર્ણાટક હાઇકોર્ટે તેમની સામેના 'કાંતારા' મિમિક્રી કેસમાં તેમને આ મંદિરની મુલાકાત લેવાનો નિર્દેશ આપ્યો હતો. ચામુંડી હિલ્સની ટોચ પર આવેલા આ મંદિરની મુલાકાત કર્ણાટક હાઇકોર્ટના નિર્દેશના પગલે લેવામાં આવી છે. હાઇકોર્ટે ગયા મહિને 'કાંતારા-1' ફિલ્મમાં દેવી-દેવતાના નિરૂપણની મિમિક્રી કરવા સંબંધિત કેસમાં બોલિવૂડ અભિનેતા સામેની કાર્યવાહી રદ કરી દીધી હતી. કોર્ટનો આ નિર્ણય અભિનેતા દ્વારા બિનશરતી માફી પત્ર રજૂ કર્યા બાદ આવ્યો હતો. કોર્ટે તેમના વકીલ દ્વારા સબમિટ કરાયેલી સુધારેલી એફિડેવિટ પણ સ્વીકારી લીધી હતી અને તેમના વર્તનમાં સુધારો કરવા માટે ચામુંડી માતાના દર્શન કરવા જણાવ્યું હતું.

રણવીર સિંહ પર પ્રતિબંધ નથી મુકાયો માત્ર અસહકારનો નિર્દેશ કરાયો છે : અશોક પંડિત

મુંબઇ, તા. 26 : ડોન 3 માંથી અચાનક બહાર નીકળ્યા બાદ રણવીર સિંહ સામે FWICE (ધ ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા સિને એમ્પ્લોયીઝ) ની કાર્યવાહીએ ધ્યાન ખેંચ્યું છે, ત્યારે FWICE ના મુખ્ય સલાહકાર અશોક પંડિતે કહ્યું છે કે ફેડરેશને પ્રતિબંધ લાદ્યો નથી, પરંતુ અસહકારનો નિર્દેશ જારી કર્યો છે. પંડિતના જણાવ્યા મુજબ, આ નિર્દેશ FWICE સભ્યોને રણવીર સિંહ સાથે કોઈપણ પ્રોજેક્ટ પર કોઈ પણ રીતે કામ ન કરવા માટે કહે છે જ્યાં સુધી આ મુદ્દો ઉકેલાઈ ન જાય. તેમણે કહ્યું કે ફેડરેશન, એક ટ્રેડ યુનિયન તરીકે, કોઈને પણ પ્રતિબંધિત કરવાનો અધિકાર નથી.

વરુણ ધવન-મૃણાલ ઠાકુરનું ગીત 'ચુનરી ચુનરી' રિલીઝ થયું, સલમાનના ચાહકો નારાજ

મુંબઇ, તા. 26 : વરુણ ધવનની નવી ફિલ્મ 'હૈ જવાની તો ઇશ્ક હોના હૈ' ના નિર્માતાઓએ આજે મંગળવારે વરુણ ધવન, મૃણાલ ઠાકુર અને પૂજા હેગડે અભિનિત 'ચુનરી ચુનરી' ગીત રિલીઝ કર્યું. ગીતના ડાન્સ સ્ટેપ્સ, તાજગી અને વાઇબથી લોકોનું ધ્યાન ખેંચાયું, તો કેટલાકને જૂના વર્ઝન અને સલમાન ખાન અને સુષ્મિતા સેનની યાદ આવી. ઘણા નેટીઝન્સે સોશિયલ મીડિયા પર નિરાશા વ્યક્ત કરી, કેટલાકે કહ્યું કે બીજું એક પ્રખ્યાત ગીત બરબાદ થઈ ગયું છે. કોઇકે લખ્યું, સલમાન અને સુષ્મિતાની ઉર્જા અજોડ હતી. તો એક યૂઝર્સે તો લખી દીધું કે સલમાન ખૂણામાં રડતો હશે.

FWICEના આદેશથી રણવીર સિંહની ફિલ્મો મુશ્કેલીમાં મુકાઈ શકે છે : નિષ્ણાતો

મુંબઈ, તા. ૨૬ (PTI): રણવીર સિંહ હાલમાં કોઈ પણ ફિલ્મ પર કામ કરી રહ્યો નથી. જો તે કરતો હોત તો તે મુશ્કેલીમાં મુકાઈ ગયો હોત; કારણ કે 'ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા સિને એમ્પ્લોઇઝ' (એફડબ્લ્યુઆઈસીઈ) એ તેના ૪ લાખથી વધુ કામદારોને રણવીર સાથે કામ ન કરવા જણાવ્યું છે. આ એક 'અસહકારનો આદેશ' છે, જે તેની ફિલ્મો માટે મોટી મુશ્કેલી ઊભી કરી શકે છે. 'કેએસ લીગલ એન્ડ એસોસિએટ્સ'ના મેનેજિંગ પાર્ટનર સોનમ ચાંદવાણીએ જણાવ્યું હતું કે, "જોકે, આવો કોઈ આદેશ કોઈ વ્યક્તિની કામ કરવાની આઝાદીને રોકી શકતો નથી, પરંતુ તેનાથી તેની ફિલ્મોના શૂટિંગ અને કામકાજમાં ચોક્કસપણે મોટી અડચણો આવી શકે છે."

બેલ્જિયમમાં ટ્રેન સાથે સ્કૂલ બસ અથડાતાં ચારનાં મોત

લેવલ ક્રોસિંગ નજીક સ્કૂલ બસ પૂરપાટ ધસી આવેલી ટ્રેન સાથે અથડાઇ

બે બાળકો, બસના ડ્રાઇવર અને બાળકોની સંભાળ રાખનારનું મોત

ફાટક બંધ હતું છતાં બસ ક્રોસિંગ ઓળંગી રહી હતી

બુગનહૌટ, તા. ૨૬(એપી): બેલ્જિયમના બુગનહૌટ ખાતે બસ અને પુરપાટ ઝડપે આવી રહેલી ટ્રેન વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બે બાળકો સહિત ચાર લોકોનાં મોત થયા છે અને અન્ય પાંચ બાળકો ઈજાગ્રસ્ત થયા છે, તેમ સરકારી વકીલોએ મંગળવારે જણાવ્યું હતું.

પ્રવક્તા લિસા ડી વિલ્ડેએ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું કે ઈજાગ્રસ્ત બાળકોને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ અકસ્માત રાજધાની બ્રસેલ્સથી ઉત્તર-પશ્ચિમમાં આશરે ૩૦ કિલોમીટર(૨૦ માઇલ) દૂર આવેલા બુગનહૌટ શહેર નજીક સવારના પીક-અવર્સ દરમિયાન એક લેવલ ક્રોસિંગ પર થયો હતો.

ડી વિલ્ડેએ જણાવ્યું કે મૃતકોમાં મિની બસના ડ્રાઈવર અને એક એસ્કોર્ટ ઉપરાંત બે બાળકોનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું કે અકસ્માતનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. તપાસકર્તાઓ સાક્ષીઓની પૂછપરછ કરી રહ્યા છે અને નજીકમાં લાગેલા કેમેરાના ફૂટેજ ચકાસી રહ્યા છે. તેમણે કહ્યું, અમને એટલી ખબર છે કે ફાટક બંધ હતું અને લાલ લાઈટ ચાલુ હતી.

બેલ્જિયન રેલ ઓપરેટર 'ઈન્ફ્રાબેલ'ના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ટ્રેન અંદાજે ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફાટક તરફ આવી રહી હતી અને તેની પાસે બ્રેક મારવાનો સમય નહોતો. પ્રવક્તા ફ્રેડરિક સેક્કેએ આરટીબીએફ (RTBF) પબ્લિક બ્રોડકાસ્ટરને જણાવ્યું કે, ટક્કર અત્યંત જોરદાર હતી. ઘટનાસ્થળે હાજર એસોસિએટેડ પ્રેસના પત્રકારે જણાવ્યું કે ભારે નુકસાન પામેલી બસ એક તરફ પલટી ગયેલી પડી હતી. સફેદ પ્રોટેક્ટિવ સૂટ અને ગ્લોવ્ઝ પહેરેલા ફોરેન્સિક નિષ્ણાતો ઘટનાસ્થળના ફોટોગ્રાફ્સ લઈ રહ્યા હતા. નજીકમાં જ એક સફેદ પોપ-અપ ટેન્ટ ઊભો કરવામાં આવ્યો હતો.

ઈન્ડિગો પાઈલટે રાત્રે ચમકતી ભારત-પાકિસ્તાન સરહદને કેમેરામાં કેદ કરી

રાત્રે શૂટ થયેલા દૃશ્યમાં બંને દેશોને સ્પષ્ટ રીતે અલગ કરતી એક લાંબી, તેજસ્વી પ્રકાશિત રેખા જોવા મળી

નવી દિલ્હી : ઈન્ડિગો ફ્લાઇટના કોકપિટમાંથી લેવામાં આવેલા એક અદભુત વીડિયોએ સોશિયલ મીડિયા યુઝર્સને ત્યારે મંત્રમુગ્ધ કરી દીધા જ્યારે તેમાં રાતના આકાશના અંધકાર વચ્ચે ભારત-પાકિસ્તાનની ચમકતી સરહદ પ્રકાશિત થતી જોવા મળી. આ વાયરલ ફૂટેજ કેપ્ટન પ્રદીપ ક્રિષ્નન દ્વારા શેર કરવામાં આવ્યું હતું, જેમણે મોડી રાતની ફ્લાઇટ દરમિયાન આ દુર્લભ હવાઈ દશ્ય રેકોર્ડ કર્યું હતું. ક્રૂઝિંગ ઊંચાઈ (સામાન્ય ઉડાનની ઊંચાઈ) પરથી જોવામાં આવે તો સરહદ અન્યથા અંધકારમય વાતાવરણની વચ્ચે બંને દેશોને સ્પષ્ટ રીતે અલગ કરતી એક લાંબી, તેજસ્વી પ્રકાશિત રેખા તરીકે દેખાતી હતી. આ ક્લિપમાં કેપ્ટન ક્રિષ્નન એરક્રાફ્ટ એનાઉન્સમેન્ટ સિસ્ટમ પર મુસાફરોને સંબોધતા પણ સંભળાય છે. તેઓ કહે છે, દેવીઓ અને સજ્જનો, જો તમે એરક્રાફ્ટની બહાર જોશો તો તમને વિશ્વની સૌથી સંવેદનશીલ, ચુસ્ત સુરક્ષાવાળી સરહદોમાંની એક, ભારત અને પાકિસ્તાન સરહદની ઝલક જોવા મળી શકે છે. આ દશ્યોએ રેડક્લિફ લાઇનના કેટલાક ભાગોને રેખાંકિત કર્યા હતા – જે ૧૯૪૭માં ભાગલા દરમિયાન સ્થાપિત ભારત અને પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય સરહદ છે. અતિશય સુરક્ષા તૈનાતી અને કેટલાક સંવેદનશીલ વિભાગોમાં ફ્લડલાઇટિંગના કારણે, સરહદના ભાગો અવારનવાર રાત્રિની ફ્લાઇટ્સ દરમિયાન વધુ ઊંચાઈ પરથી સ્પષ્ટપણે ચમકતા દેખાય છે.

લાહોરના સ્થળોના નામ બદલવાની યોજના મોકૂફ રખાઈ

કટ્ટરવાદીઓના વિરોધના ડરથી યોજના પડતી મુકાયાના અહેવાલ

લાહોરના નાયબ કમિશનરે સ્પષ્ટતા કરી કે બાબત વિચારણા હેઠળ છે

લાહોર, તા. ૨૬(પીટીઆઈ): પાકિસ્તાનની પંજાબ સરકારે કટ્ટરપંથી તત્વો તરફથી બેકલેશથી બચવા માટે લાહોરના રસ્તાઓ અને શેરીઓના મૂળ ઐતિહાસિક નામો પુનઃસ્થાપિત કરવાની તેની યોજનાને મુલતવી રાખી છે, એમ એક અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું. તાજેતરમાં યોજાયેલી 'લાહોર હેરિટેજ એરિયાઝ રિવાઈવલ' (LAHR) ની બેઠકમાં, જેની સંયુક્ત અધ્યક્ષતા પીએમએલ-એનના પ્રમુખ અને ત્રણ વખતના ભૂતપૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફ અને તેમના પુત્રી તેમજ પંજાબના મુખ્યમંત્રી મરિયમ નવાઝે કરી હતી, તેમાં લાહોર અને તેની આસપાસના વિસ્તારોમાં રસ્તાઓ અને શેરીઓના મૂળ ઐતિહાસિક નામો પુનઃસ્થાપિત કરવાની મંજૂરી આપી હતી. મુખ્યમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં મીડિયાને આ નિર્ણયની જાણ કરી હતી. શરીફ, જેઓ ફેબ્રુઆરી ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ પછી હાલમાં રાજકારણમાં સક્રિય નથી.

બંગાળમાં ઘૂસણખોરો સામે કાર્યવાહી શરૂ થતાં બાંગ્લાદેશીઓનું પલાયન શરૂ

હકીમપુર બીએસએફ ચેકપોઇન્ટ પર ૧૦૦થી વધુ ગેરકાયદે બાંગ્લાદેશી ઘૂસણખોરો વાસણો, પોટલા સાથે ભેગા થયા

કોલકાતા, ૨૬ મે (PTI): પશ્ચિમ બંગાળની ભાજપ સરકાર દ્વારા શંકાસ્પદ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ માટે જિલ્લા કક્ષાએ હોલ્ડિંગ સેન્ટર્સ શરૂ કરવાના નિર્ણયને પગલે આંતરરાષ્ટ્રીય સરહદ પર ફરી એકવાર રિવર્સ એક્ઝોડસ શરૂ થઈ હોવાનું જણાય છે. કથિત બાંગ્લાદેશી ઘૂસણખોરો મોટી સંખ્યામાં પોતાના વતન પરત ફરવા માટે ઉત્તર ૨૪ પરગણાના હકીમપુર ચેકપોઇન્ટ પર એકત્રિત થઈ રહ્યા છે.

મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ પશ્ચિમ બંગાળમાં ઘૂસણખોરો સામે આક્રમક રીતે ડિટેક્ટ, ડીલીટ એન્ડ ડિપોર્ટની નીતિ લાગુ કરવાની જાહેરાત કર્યાના ગણતરીના દિવસોમાં જ આ નવો ધસારો જોવા મળ્યો છે. મંગળવારે હકીમપુર બોર્ડર ક્રોસિંગ પર ફરીથી મોટા થેલા, વિંટાળેલા ધાબળા અને પ્લાસ્ટિકની શીટ્સ જોવા મળી હતી. હકીમપુર ખાતે, છેલ્લા બે દિવસમાં ૧૦૦થી વધુ કથિત બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ BSF ચેકપોઇન્ટ નજીક એકઠા થયા હતા.

ખોદાયેલા રસ્તાઓને કારણે અમિત શાહને કરાયેલી અસાધારણ વિનંતી

રસ્તો ન આપી શકો તો હેલિકોપ્ટર આપો : છત્તીસગઢના ગ્રામજનો

નાળા બનાવવાના કામ માટે કોન્ટ્રાક્ટરોએ મોટા ખાડા ખોદ્યા પછી પ્રોજેક્ટ અધવચ્ચે છોડી દીધો

સુક્મા (છત્તીસગઢ), તા. ૨૬ : છત્તીસગઢના સુક્મા જિલ્લાના એક આદિવાસી ગામના રહેવાસીઓએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખીને એક અસાધારણ વિનંતી કરી છે કે જો તમે અમને રસ્તા ન આપી શકતા હો તો અમને હેલિકોપ્ટર આપો, તેઓએ આ વિસ્તાર અને તેની આસપાસના રસ્તાઓની દયનીય સ્થિતિ તરફ તેમનું ધ્યાન દોરવા માટે આમ કર્યું છે. મારુકી ગામના રહેવાસીઓની આ અપીલે સોશિયલ મીડિયા પર લોકોનું ધ્યાન ખેંચ્યું છે, જે વહીવટી તંત્રની સતત ઉદાસીનતા પર વર્ષોથી ચાલી રહેલા આક્રોશને ઉજાગર કરે છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, મારુકીને જોડતો રસ્તો છેલ્લાં લગભગ ૧૦ વર્ષથી અધૂરો પડ્યો છે. ગૃહમંત્રીને લખેલા તેમના પત્રમાં ગ્રામજનોએ જણાવ્યું હતું કે, જો વહીવટી તંત્ર યોગ્ય રસ્તો ન આપી શકતું હોય તો તેણે ઓછામાં ઓછું એક હેલિકોપ્ટર પૂરું પાડવું જોઈએ, જેથી રહેવાસીઓ કટોકટીના સમયે મુસાફરી કરી શકે.

પાકિસ્તાન-ચીન દ્વિપક્ષીય સંબંધોને 'અડગ રીતે સુરક્ષિત' રાખવા સંમત

શાહબાઝ શરીફની ચીની પ્રમુખ જિનપિંગ સાથે મુલાકાત બાદ સંયુક્ત નિવેદનમાં કાશ્મીર મુદ્દો યુએનના ચાર્ટર મુજબ ઉકેલવાનું કહેવામાં આવ્યું

ઈસ્લામાબાદ/બીજિંગ, ૨૬ મે(PTI): મંગળવારે જાહેર કરવામાં આવેલા એક સંયુક્ત નિવેદન અનુસાર, પાકિસ્તાન અને ચીન એક સહિયારા ભવિષ્યના નિર્માણ માટે સાથે મળીને કામ કરીને તેમના દ્વિપક્ષીય સંબંધોને અડગ રીતે સુરક્ષિત રાખવા અને વિકસાવવા માટે સંમત થયા છે. વડાપ્રધાન શેહબાઝ શરીફની ચીની વડાપ્રધાન લી કિઆંગના આમંત્રણ પર ૨૩ થી ૨૬ મે દરમિયાન ચીનની સત્તાવાર મુલાકાતના અંતે આ નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું. તેમની મુલાકાત દરમિયાન બંને પક્ષોએ વિવિધ ક્ષેત્રોમાં સહકારના અનેક દસ્તાવેજો પર હસ્તાક્ષર કર્યા હતા. શી જિનપિંગ અને પ્રીમિયર લીએ પીએમ શેહબાઝ સાથે અલગ-અલગ વાટાઘાટો કરી હતી, અને બંને પક્ષો ચીન-પાકિસ્તાનની સદાબહાર વ્યુહત્મક સહકારિતાને વધુ ઊંડી બનાવવા તેમજ પરસ્પર હિતના આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર એક નવી વ્યાપક સહમતિ પર પહોંચ્યા હતા.

આજે અધિક-જેઠ અગિયારસ

આજથી

ભાગવત સપ્તાહ

: કથાકાર :

શ્રી વિનોદભાઈ શાસ્ત્રીજી

પોથીયાત્રા

મા ઉમિયામંદિર, અમીકુંજ, જહાંગીરપુરા, સુરત

બપોરે ૨:૦૦ કલાકે

કથાનો સમય

બપોરે ૩:૦૦ કલાકેથી

કથા સ્થળ

પૂજ્યશ્રી મોટા સૂર્યોદય ઘાટ, કુરુક્ષેત્ર ધામ, જહાંગીરપુરા, સુરત

:: સૌજન્ય ::

કામરેજ સુગર ફેક્ટરી-પરિવાર

પશ્ચિમ રેલવે

સિનિયર ડિવિઝનલ કમર્શિયલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, વેસ્ટર્ન રેલવે

ડિવિઝનલ રેલવે મેનેજર, કમર્શિયલ ડિપાર્ટમેન્ટ, NFR સેક્શન, મુંબઈ સેન્ટ્રલ - મુંબઈ - 400 008.

કાર્ય - મુંબઈ ડિવિઝનમાં વિવિધ NFR મીડિયા દ્વારા જાહેરાતોનું પ્રદર્શન

ઓક્શન કેટલોગ નં.	મૂળ હરાજી તારીખ	સુધારેલી હરાજી તારીખ
MMCT-ADVTM-26-6	28-05-2026 14:00 કલાકે	10-06-26 14:00 કલાકે

ક્રમ નં.	લોટ નં.	સ્થળ / વિસ્તાર	દિવસો	ઈ-હરાજી બંધ થવાની તારીખ અને સમય
1.	MSS-BCT-MRU-MedStn-45-24-1 (પરચૂરણ-સ્થિર-સેવાઓ - સ્ટેશન પર તબીબી સુવિધાઓ)	માટુંગા રોડ રેલવે સ્ટેશન ખાતે 5 વર્ષના સમયગાળા માટે ઈમરજન્સી મેડિકલ રૂમ દ્વારા ચોવીસ કલાક તબીબી સુવિધાઓ પૂરી પાડવી.	1826	10-06-26 14:30 કલાકે
2.	MSS-BCT-VLP-MedStn-97-26-1 (પરચૂરણ-સ્થિર-સેવાઓ - સ્ટેશન પર તબીબી સુવિધાઓ)	વિલેપાર્લે રેલવે સ્ટેશન ખાતે 5 વર્ષના સમયગાળા માટે ઈમરજન્સી મેડિકલ રૂમ દ્વારા ચોવીસ કલાક તબીબી સુવિધાઓ પૂરી પાડવી.	1826	10-06-26 14:40 કલાકે
3.	MSS-BCT-BDTS-MedStn-93-25-1 (પરચૂરણ-સ્થિર-સેવાઓ - સ્ટેશન પર તબીબી સુવિધાઓ)	બાંદ્રા ટર્મિનસ રેલવે સ્ટેશન ખાતે 5 વર્ષના સમયગાળા માટે ઈમરજન્સી મેડિકલ રૂમ દ્વારા ચોવીસ કલાક તબીબી સુવિધાઓ પૂરી પાડવી.	1826	10-06-26 14:50 કલાકે
4.	MSS-BCT-RMAR-MedStn-92-25-1 (પરચૂરણ-સ્થિર-સેવાઓ - સ્ટેશન પર તબીબી સુવિધાઓ)	રામ મંદિર રેલવે સ્ટેશન ખાતે 5 વર્ષના સમયગાળા માટે ઈમરજન્સી મેડિકલ રૂમ દ્વારા ચોવીસ કલાક તબીબી સુવિધાઓ પૂરી પાડવી.	1826	15-06-26 15:00 કલાકે

ઓક્શન કેટલોગ નં.	મૂળ હરાજી તારીખ	સુધારેલી હરાજી તારીખ
MMCT-ADVT-26-7	28-05-2026 15:00 કલાકે	10-06-26 15:00 કલાકે

ક્રમ નં.	લોટ નં.	સ્થળ / વિસ્તાર	દિવસો	ઈ-હરાજી બંધ થવાની તારીખ અને સમય
1.	ADVT-BCT-BA-OH-477-26-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ)	બાંદ્રા સ્ટેશન પૂર્વ ખાતે BAROB પર, પશ્ચિમ દિશા તરફ સામું હોય તેવા 40' X 40'(1) સાઈઝના, કુલ 1600 ચોરસ ફૂટના ક્ષેત્રફળ ધરાવતા હાલના હોર્ડિંગ સ્ટ્રક્ચર પર (સમારકામ/મજબૂતીકરણ/વગેરે) જાહેરાત પ્રદર્શિત કરવા માટેના બલ્કમાં જાહેરાતના હકો.	1096	15-06-26 15:30 કલાકે

સંપર્ક વિગતો: લેન્ડલાઈન નં.: 02267644212, ઈમેઈલ આઈડી: acmadvtgbct@gmail.com

નોંધ: સંભવિત બિડર્સને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઈ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. લોટ મુજબની વિગતો ત્યાં ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે. 0170

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો : X.com/WesternRly

રેલવેની જીંદ-સોનીપત રૂટ પર હાઈડ્રોજન ટ્રેનને મંજૂરી

10 કોચની આ ડેમુ ટ્રેન પ્રતિ કલાક મહત્તમ 75 કિમીની ઝડપે દોડશે, જેનું કુલ પાવર આઉટપુટ 1200 કિલોવોટ હશે

નવી દિલ્હી, તા. 26 : રેલવે મંત્રાલયે ઉત્તર રેલવે ઝોન હેઠળ જીંદ અને સોનીપત વચ્ચે મહત્તમ ૭૫ કિમી પ્રતિ કલાકની ઝડપે દેશની પ્રથમ હાઇડ્રોજન સંચાલિત ૧૦-કોચની ડેમુ ટ્રેનની કામગીરી શરૂ કરવાની મંજૂરી આપી દીધી છે. આ ટ્રેન ડીઝલ અથવા વીજળી આધારિત ટ્રેક્શનના બદલે પાવર જનરેટ કરવા માટે હાઇડ્રોજન ફ્યુઅલ સેલનો ઉપયોગ કરશે. આ ટ્રેનનું કુલ પાવર આઉટપુટ ૧,૨૦૦ કિલોવોટ છે અને તે 'ડિસ્ટ્રિબ્યુટેડ પાવર રોલિંગ સ્ટોક' (DPRS) ટેક્નોલોજી પર કામ કરશે, જેના હેઠળ પાવર કોઈ એક સિંગલ એન્જિનમાં કેન્દ્રિત હોવાના બદલે આખી ટ્રેનમાં વહેંચાયેલો (ડિસ્ટ્રિબ્યુટેડ) હોય છે.

રિસર્ચ ડિઝાઈન્સ એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઈઝેશન (RDSO) દ્વારા ટેકનિકલ મંજૂરી અને કમિશનર ઓફ રેલવે સેફ્ટી (CCRS) દ્વારા સુરક્ષા પરીક્ષણ બાદ મંત્રાલયે આ મંજૂરી આપી છે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

હની પાર્ક રોડ શાખા : ૩, શિવાલીક વેસ્ટર્ન,એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત–૩૯૫૦૦૯, ગુજરાત. ફોન : ૦૨૬૧–૨૭૪૬૭૬૭ email id :honeyp@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨] ના(રૂલ ૮(૧) હેઠળ)

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૧.૦૩.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી શા અરવિંદકુમાર સી. (દેવાદાર), શ્રી શા છાથુ આર (સહદેવાદાર), શ્રીમતી કુસુમ દેવી(સહદેવાદાર), અને શ્રી રવિ કુમાર શા (સહદેવાદાર), શ્રી અરવિંદકુમાર ગુપ્તા (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૧,૭૫,૯૯૬.૩૦/– (રૂા. અગીયાર લાખ પંચોત્તેર હજાર નવસો છન્નું અને ત્રીસ પૈસા પુરા) + વ્યાજ અને તેના ઉપર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૫મી મે ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા,ની રકમ રૂા.૧૧,૭૫,૯૯૬.૩૦** વત્તા તેના પર વ્યાજ અન્ય ચાર્જીસ ચુકવણી સુધીના ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ હક, હિત, સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે 'ગાર્ડન વેલી' તરીકે ઓળખાતી સોસાયટી નો પ્લોટ નં. ૯૧ માપ એરીયા ૬૦.૨૮ ચો.મીટર કોમન રોડ અને સીઓપી સાથે વણવહેચાયેલ હિસ્સા માપ ૩૬.૯૮ ચો.મીટર જમીન બ્લોક નં. ૯૩, રેવન્યુ સર્વે નં. ૭૧ મોજે ગામ. જોલવા, તા. પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ :** સોસાયટીનો રોડ, **પશ્ચિમ તરફ :** પ્લોટ નં. ૭૬, **ઉત્તર તરફ :** પ્લોટ નં.૯૨, **દક્ષિણ તરફ :** પ્લોટ નં. ૯૦ આવેલ છે.

તા. ૨૫.૦૫.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, હની પાર્ક રોડ શાખા, સુરત

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

હની પાર્ક રોડ શાખા : ૩, શિવાલીક વેસ્ટર્ન,એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત–૩૯૫૦૦૯, ગુજરાત. ફોન : ૦૨૬૧–૨૭૪૬૭૬૭ email id :honeyp@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨] ના(રૂલ ૮(૧) હેઠળ)

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૨.૦૩.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી વિજય યાદવ (દેવાદાર), શ્રી હનુમાન યાદવ (સહદેવાદાર)**, ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૦,૯૭,૧૩૧.૨૭/– (રૂા. દસ લાખ સતાણું હજાર એકસો એકત્રીસ અને સત્તાવીસ પૈસા પુરા) + વ્યાજ અને તેના ઉપર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૫મી મે ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા,ની રકમ રૂા.૧૦,૯૭,૧૩૧.૨૭** વત્તા તેના પર વ્યાજ અન્ય ચાર્જીસ ચુકવણી સુધીના ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે ' આરાધના પ્લેટીન્યુમ વિભાગ–૨ ' નો પ્લોટ નં. ૧૪૬ (કેજેપી પછી બ્લોક નં. ૪૬૩/૧૪૬, માપ ૫૬.૫૮ ચો.મી.) માપ એરીયા ૫૯.૩૬ ચો.મી એટલે બરાબર ૭૧.૦૦ ચો.વાર વણવહેચાયેલ હિસ્સા સાથે માપ ૩૬.૫૧ ચો.મી કોમન રોડ અને સીઓપી ના સોસાયટી જમીન બ્લોક નં. ૪૬૩, રેવન્યુ સર્વે નં. ૪૭૧ મોજે. ગામ. ઉમરખ, તા. બારડોલી, જી.સુરત ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ :** સોસાયટીની હદ, **પશ્ચિમ તરફ :** સોસાયટીનો આંતરીક રોડ, **ઉત્તર તરફ :** પ્લોટ નં. ૧૪૫, **દક્ષિણ તરફ :** સોસાયટીનો આંતરીક રોડ આવેલ છે.

તા. ૨૫.૦૫.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, હની પાર્ક રોડ શાખા, સુરત

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

હની પાર્ક રોડ શાખા : ૩, શિવાલીક વેસ્ટર્ન,એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત–૩૯૫૦૦૯, ગુજરાત. ફોન : ૦૨૬૧–૨૭૪૬૭૬૭ email id :honeyp@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨] ના(રૂલ ૮(૧) હેઠળ)

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૨.૦૩.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી વાઘેલા જીતેન્દ્ર ભુપતભાઈ (દેવાદાર), શ્રીમતી વાઘેલા સવુબેન ભુપતભાઈ (સહદેવાદાર) અને શ્રી રાદડીયા જગદીશ વીનુભાઈ (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૪,૩૮,૫૪૭.૦૬/– (રૂપિયા ચૌદ લાખ આડત્રીસ હજાર પાંચસો સુડતાલીસ અને છ પૈસા પુરા) + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૫મી મે ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા,ની રકમ રૂા.૧૪,૩૮,૫૪૭.૦૬/– વત્તા તેના પર વ્યાજ અન્ય ચાર્જીસ** ચુકવણી સુધીના ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત રાજ નંદિની રેસીડન્સી વિભાગ –૩ સ્થિત પ્લોટ નં.૧ (કેજેપી મુજબ બ્લોક નં.૧૧૬/૧), માપ એરિયા ૪૦.૧૫ ચો.મી. વણવહેચાયેલ હિસ્સા સહિત માપ ૨૯.૩૬ ચો.મીટર સીઓપી અને કોમન રોડ (માપ ૬૯.૫૧ ચો.મીટર) જે જમીનનો બ્લોક નં.૧૧૬, મોજે ગામ ઉમરા, તા.ઓલપાડ, જી.સુરત ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ :** પ્લોટ નં.૨, **પશ્ચિમ તરફ :** સોસાયટીનો રોડ, **ઉત્તર તરફ :** સીઓપી, **દક્ષિણ તરફ :** સોસાયટીનો રોડ આવેલ છે.

તા. ૨૫.૦૫.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, હની પાર્ક રોડ શાખા

ઋણ વસૂલાત અધિકારી– I અને II ઓફિસ

ઋણ વસૂલી અધિકારી–II

ભારત સરકાર (નાણાં મંત્રાલય)

ત્રીજો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ– ૧૮, ગાંધીકુંજ સોસાયટી, એલીસબ્રીજ, અમદાવાદ–૩૮૦૦૦૬.

ફોર્મ નં. ૧૪ [જુઓ નિયમ ૩૩(૨)]

ઋણ વસૂલી અને બેંક અને નાણાકીય સંસ્થાના એક્ટ ૧૯૯૩ ના ૨૫ થી ૨૮ હેઠળ ની નોટીસ મુજબ અને આવકવેરા કાયદો, ૧૯૬૧ ના નિયમના બીજા પરિશિષ્ટનો નિયમ ૨ સાથે વંચાણે લઈ ડિમાન્ડ નોટીસ

આર.પી/ આર.સી. નં.	૨૩/૨૦૨૫	ઓ.એ. નં.	૮૩૧/૨૦૨૦
પંજાબ નેશનલ બેંક		પ્રમાણપત્ર ધારક બેંક	
વિરુધ્ધ			
વિજય લક્ષ્મી સીન્થેટીક્સ જાખર		પ્રમાણીત દેવાદાર	

પ્રતિ,

પ્રમાણીત દેવાદાર નં. ૧ : કિશન મુરારી એસ. જાખર (માલિક વિજય લક્ષ્મી સીન્થેટીક જાખર) સરનામું : યુનીટ સેટ નં. ૩૨–૩૩, રજો માળ રાશીવાળા કમ્પાઉન્ડ, મહીની ખમણી નજીક, દક્ષિણ ઝોન પાંડેસરા રોડ, સુરત.–૩૯૪૨૧૦.

અને : એ/૮૦૧, ૮મો માળ, રૂપી વિહાર ટાઉનશીપ વિંગ એ, વ્રજ ભૂમી એપાર્ટમેન્ટ પુણા પાટીયા, ગેડાદરા રોડ, સુરત.

પ્રમાણીત દેવાદાર નં. ૨ : અન્નપૂર્ણા કિશન મુરારી જાખર

એ/૮૦૧, ૮મો માળ, રૂપી વિહાર ટાઉનશીપ વિંગ એ, વ્રજ ભૂમી એપાર્ટમેન્ટ પુણા પાટીયા, ગેડાદરા રોડ, સુરત.

આથી જણાવવામાં આવે છે કે પ્રિસાઈડીંગ ઓફિસર, ડેબ્ટ્સ રિકવરી ટ્રીબ્યુનલ–II અમદાવાદ દ્વારા પસાર કરાયેલ આદેશ ના અનુસંધાનમાં જારી કરાયેલ **ઓ.એ.નં.૮૩૧/૨૦૨૦** મુજબ **રૂા.૧,૫૫,૧૭,૦૫૧.૦૩/– (અંકે રૂપિયા એક કરોડ પંચાવન લાખ સત્તર હજાર એકાવન અને ત્રણ પૈસા પુરા)** (બાદ જો કોઈ રીકવરી થઈ હોઈ તોતે) ની રકમ તલસ્પર્શી અને વધારાના વ્યાજ@૧૩.૬૦ % સાદા વાર્ષિક **તા.૨૩/૧૧/૨૦૨૦ થી** વસુલાત સુધી અને ખર્ચના **રૂા.૧,૭૫,૦૦૦/–(અંકે રૂપિયા એક લાખ પંચોત્તેર હજાર પુરા)** તમારી પાસે બાકી છે. (સંયુકત અને અલગ/સંપૂર્ણ/ મર્યાદિત)

૨. તમને આ નોટીસ મળ્યાના દિવસ ૧૫ અંદર ઉપરોકત રકમ ચુકવવા નિર્દેશ કરવામાં આવે છે. જેમાં કસુર થયે બેંકો અને નાણાંકીય સંસ્થાઓના દેવાની વસુલાત અધિનિયમ ૧૯૯૩ અને તેના હેઠળના નિયમો અનુસાર વસુલાત કરવામાં આવશે.

૩. તમને આથી હવે પછીની સુનાવણીની તારીખે અથવા તે પહેલા સોગંદનામાં પર તમારી સંપિત્તની વિગતો જાહેર કરવા આદેશ આપવામાં આવે છે.

૪. આથી તમને **તા. ૦૬/૦૭/૨૦૨૬** ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે નીચે સહી કરનાર સમક્ષ આગળની કાર્યવાહી માટે હાજર રહેવા આદેશ આપવામાં આવે છે.

૫. ઉપરોકત રકમ ઉપરાંત તમે નીચે દર્શાવેલ ચુકવણી માટે પણ જવાબદાર છે.

વધારામાં તમારે ઉપર દર્શાવેલ રકમ ઉપરાંત નીચે પ્રમાણે રકમ ચુકવવી પડશે.

(a) પ્રમાણપત્ર/કાર્યવાહીના અમલ ની સૂચના પછી તરત જ શરૂ થતાં સમયગાળા માટે ચુકવવા પાત્ર વ્યાજ.

(b) આ નોટીસ અને વોરંટ ની સેવાઓ અને અન્ય કાર્યવાહી અને બાકી રકમની વસુલાત માટે લેવામાં આવેલ તમામ કાર્યવાહી ના સંદર્ભમાં થયેલા તમામ ખર્ચાઓ, ચાર્જીસ અને ખર્ચા જેવા કે નોટીસ અંગેની કાર્યવાહી અને અન્ય આગળની કાર્યવાહીના.

મારી સહી અને પંચના સિક્કા સાથે આપવામાં આવ્યું ૨૫/૦૩/૨૦૨૬

સિક્કો

સહિ/– વસુલી અધિકારી

ઋણ વસૂલી અધિકરણ–II, અમદાવાદ